અપીલ અરજી નં.૧૧૪ તા.૨૪–૭–૦૯/૧૦

અરજદારઃ– શ્રી દિલીપસિંહ જી. ઝાલા
સામાવાળાઃ–(૧) ડે.કમિશ્નર(પઅનેઈ)અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ)
(૨) વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન અધિકારી અને જાહેર માહિતી અધિકારી

**ફરીયાદની હકીકતઃ–**

**વિષયઃ**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી દિલીપસિંહ જી. ઝાલાની આઈ ડી નં.૩૦૫ તા.૨૨–૬–૦૯ ની અરજીથી કર્મચારી નં.૧૧૫૮૬ શ્રી કમલેશ એન. ગાંધીની સુરત મહાનગરપાલકામાં થયેલ નિમણુંક ના દિવસથી આજ દિન સુધીમાં કેટલીવાર કયા કયા હુકમથી અન્ય ખાતામાં બદલી થઈ તેની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**–અરજદાર મજકુરની તા.૨૪–૭–'૦૯ ની અપીલ અરજી નં.૧૧૪/૨૦૦૯–૧૦

શ્રી દિલીપસિંહ જી. ઝાલાની આઈ ડી નં.૩૦૫ તા.૨૨–૬–૦૯ ની અરજીથી કર્મચારી નં.૧૧૫૮૬ શ્રી કમલેશ એન. ગાંધીની સુરત મહાનગરપાલકામાં થયેલ નિમણુંક ના દિવસથી આજ દિન સુધીમાં કેટલીવાર કયા કયા હુકમથી અન્ય ખાતામાં બદલી થઈ તેની માહિતી આપવા બાબતે નં.વીઆઈડી/૪૯૪ તા.૧૪–૭–૦૯ અને નં.જીએડી/ઈએસટી/૮૭૨ તા.૩૦–૬–૦૯ ના પત્રથી મળેલ માહિતી બાબતે એક જ કર્મચારી એક જગ્યાને બદલે બે જગ્યાએ ફરજ બજાવતો હોય તેમ લાગે છે તેવું જણાવી તેવા મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૪–૭–૦૯ થી અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, તબદીલ કે આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૪૫૧ તા.૩૦–૭–૦૯ થી ડે.કમિશ્નર(પઅનેઈ)અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ) તથા વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન અધિકારી અને જાહેર માહિતી અધિકારીને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પત્ર નં.જીએડી/ઈએસટી/૧૩૩૯ તા.૪–૮–૦૯ થી સેવા ઈતિહાસના પત્રકના પ્રથમ પાનાની એન્ટ્રીની નકલ, નં.જીએડી/ઈએસટી/૧૭૯૫ તા.૪–૧૦–૯૯ ના ઓર્ડરની નકલ, નં.જીએડી/ઈએસટી/૯૮૨ તા.૨૮–૬–૦૪ ના ઓર્ડરની નકલ, નં.જીએડી/ઈએસટી૯૩૭ તા.૧૨–૬–૦૬ ના ઓર્ડરની નકલ, નં.જીએડી/ઈએસટી/૧૯૯૩ તા.૨૧–૮–૦૮ ની નકલ, નં.જીએડી/ઈએસટી/૮૭૨ તા.૩૦–૬–૦૯ ની અરજદારને પૂરી પાડેલ માહિતીની નકલ, તથા વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર તરફથી પત્ર નં.વીઆઈડી/૬૩૩ તા.૪–૮–૦૯ થી અરજદારને પૂરી પાડેલ વીઆઈડી/૪૯૪ તા.૧૪–૭–૦૯ ની નકલ, અત્રેના વિભાગને પૂરક વિગતોમાં મળેલ છે.

અરજદારની તા.૨૨–૬–૦૯ ની અરજીથી કર્મચારી નં.૧૧૫૮૬ શ્રી કમલેશ એન. ગાંધીની સુરત મહાનગરપાલિકામાં થયેલ નિમણુંક ના દિવસથી આજ દિન સુધીમાં કેટલીવાર કયા કયા હુકમથી અન્ય ખાતામાં બદલી થઈ તેની માહિતી માંગવામાં આવેલ. જેના અનુસંધાને ડે.કમિશ્નરશ્રી (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી નં.જીએડી/ઈએસટી/૮૭૨ તા.૩૦–૬–૦૯ થી અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ. જેનાથી નારાજ થઈ અરજદારે કરેલ અપીલ અરજીમાં તા.૨૨–૬–૦૯ અને ૧૭–૬–૦૯ ના રોજ કરેલી અરજીથી મળેલી માહિતીની સરખામણી કરી એક જ કર્મચારી એક જગ્યાને બદલે બે જગ્યાએ ફરજ બજાવતાં હોય તેમ લાગે છે. કારણકે તા.૧૭–૬–૦૯ ના રોજની માહિતીમાં મ્યુ.કમિશ્નરશ્રીની તા.૧૩–૬–૦૬ ની નોંધ પ્રમાણે મજુકર કર્મચારી ડે.કમિશ્નર(પઅનેઈ) ની કચેરીમાં ફરજ બતાવતાં હતા. જયારે ૩૦–૬–૦૯ ના રોજ મળેલ માહિતી મુજબ કચેરી હુકમ નં.જીએડી/ઈએસટી/૯૮૨ તા.૨૮–૬–૦૪ થી ગુમાસ્તા વિભાગમાં બદલી કરવામાં આવેલ અને ૨૧–૮–૦૮ ના રોજ સદર વિભાગમાં સીનીયર કલાર્ક તરીકે પોસ્ટીંગ આપવામાં આવેલ છે. આમ અરજદારે તા.૧૭–૬–૦૯ ના રોજ વીજીલન્સ અધિકારી તથા ૨૨–૬–૦૯ ના રોજ ડે.કમિશ્નર(પઅનેઈ) વિભાગને કરેલી અરજીથી મળેલા જવાબો ખોટા અને ગેરમાર્ગ દોરનાર છે તેવું ફલિત થાય છે તેમ જાણાવી અપીલ અરજી કરેલ. જે અંગે ડે.કમિશ્નર(પઅનેઈ) જાહેર માહિતી અધિકારીએ પૂરક વિગતોમાં આપેલી માહિતીમાં મજકુર કર્મચારી તા.૨૮–૬–૦૪ થી યુસીડી વિભાગમાંથી ગુમાસ્તાધારામાં બદલી થયેલ છે. અને કમિશ્નરશ્રીની નોંધ તા.૧૩–૬–૦૬ થી ડે.કમિશ્નર(પઅનેઈ) માં ફરજ બજાવતાં હતાં. જે બાબતે જણાવેલ છે કે મધ્યસ્થ મહેકમ અને ગુમાસ્તાધારા આ બંને વિભાગોના વિભાગીય વડા એક જ છે અને વિભાગીય વડાને તેમના તાબા હેઠળના વિભાગોમાં કર્મચારીઓને ફરજ સોંપવાની વહીવટી સત્તા આપવામાં આવેલ છે.

આમ જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારે માંગેલ 'બદલી' બાબતે ઉપલબ્ધ દફતરી હકીકતલક્ષી માહિતી પૂરી પાડવામાં આવ્યાનું સ ેવા રેકર્ડ પરથી પણ સ્પષ્ટ થાય છે. બદલી ફરજ, વિગેરેના નિયમો પણ બદલી અને ફરજ બાબતે સ્પષ્ટ જોગવાઈ ધ્વારા અર્થઘટન કરવામાં આવેલ છે. તેમ તે અલગ બાબત છે. જેથી અરજદારની અપીલમાંથી " ખોટા અને ગેરમાર્ગે દોરનારી માહિતી આપ્યાના દાવાનું સમર્થન થતું નથી.

## **હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૨–૬–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે કંઈ વિશેષ કરવાનુ રહેતુ ન હોય અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૮ – ૦૯

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) ડે.કમિશ્નર(પઅનેઈ)અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ), વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન અધિકારી અને જાહેર માહિતી અધિકારી..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી દિલીપસિંહ જી. ઝાલા,